# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/058 Dt. 21/07/2025

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ તથા સનબો ડાઈઝ એન્ડ કેમિકલ એલએલપીના સંયુક્ત ઉપક્રમે 'હાસ્ય કવિ સંમેલન' યોજાયું

## સિંદૂરની માહિતી આપવા ગયેલા ક્યાંક સિંદૂર ન લગાવી દે....થી લઈને મમ્મી કા પપ્પુ.....હાસ્ય કવિઓએ એક એકથી ચઢે એવી કૃતિ રજૂ કરી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા સનબો ડાઇઝ એન્ડ કેમિકલ એલએલપીના સંયુક્ત ઉપક્રમે રવિવારે, તા. ૨૦ જુલાઈ ૨૦૨૫ ના રોજ સાંજે ૦૭:00 કલાકે, પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ભવ્ય 'હાસ્ય કવિ સંમેલન' યોજાયું હતું. આ કાર્યક્રમમાં દેશભરના પ્રખ્યાત હાસ્ય કવિઓએ પોતાની રમૂજી અને વ્યંગાત્મક રજૂઆતોથી ઉપસ્થિત પ્રેક્ષકોને પેટ પકડીને હસાવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ' આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વ્યસ્ત ઉદ્યોગ જગત અને નાગરિક જીવનશૈલી વચ્ચે હાસ્ય અને સાહિત્યના સ્પર્શથી તેઓને સુખદ અનુભવ કરાવવાનો છે. જીવનની દોડધામમાં થોડી પળો હાસ્યથી ભરેલી બનાવવાનો ચેમ્બરનો આ પ્રયાસ છે.' વધુમાં તેમણે ચેમ્બર દ્વારા આગામી સમયમાં કરવામાં આવનાર કાર્યક્રમો વિશે માહિતી આપી હતી.

આ હાસ્ય કવિ સંમેલનમાં અલીગઢના ડો. વિષ્ણુ સકસેના, જોનપુરના શ્રી શશિકાંત યાદવ, ભોપાલના ડો. અનુ સપન, દિલ્હીના શ્રી સુદિપ ભોલા, મુંબઇના શ્રી દિનેશ બાવરા અને કવયિત્રી સુશ્રી અંકિતા સિંહે તેમની હાસ્યથી ભરપૂર શાયરી, જોક્સ, અને તાજી ઘટનાઓ પર આધારિત વ્યંગાત્મક રજૂઆતોથી પ્રેક્ષકોને હસાવ્યા.

તેમની એક એકથી ચઢિયાતી કૃતિઓ અને વ્યંગ પર પ્લેટિનમ હોલમાં જાણે હાસ્યનું બુલડોઝર ફરી વળ્યું હતું અને કલાકો સુધી અટકવાનું નામ લેતું ન હતું.

**સિંદૂરની માહિતી આપવા ગયેલા ક્યાંક સિંદૂર ન લગાવી દે....થી લઈને મમ્મી કા પપ્પુ.....હાસ્ય કવિઓએ એક એકથી ચઢે એવી કૃતિ રજૂ કરી**

હાસ્ય કવિઓએ કરદાતા, શેરબજાર, વેપાર, રાજનીતિ, ભાષા વિવાદ, જીએસટી, યુવાઓની રીલની ઘેલછા અને સાંપ્રત ઘટનાઓ પર ખૂબ સરસ વ્યંગ રજૂ કરીને પ્રેક્ષકોનું ભરપૂર મનોરંજન કર્યું.

શશીકાંત યાદવે ઓપરેશન સિંદૂર માટે મોદીની પ્રશંસા કરતા વ્યંગાત્મક રીતે કહ્યું કે મોદીએ પાકિસ્તાનની ઉંઘ હરામ કરી દીધી, અમેરિકા પણ ટેન્શનમાં છે, મોદીએ શશી થરૂરને અમેરિકા મોકલ્યા તો અમેરિકી પ્રમુખે પત્ની માટે ચાર ગાર્ડ્સ વધારી દીધા, શું ભરોસો, સિંદૂરની માહિતી આપવા ગયેલા ક્યાંક સિંદૂર ન લગાવી દે!!!

એક કવિએ કહ્યું: નમો નમો કે નારે.... ખૂબ હુએ જયકારે, હરિયાણા-યુપી વાલોં ને ખોલ દિયે ભંડારે...

સારે મોદી કે વિરોધી એક હો ગયે, ઉસ કે બાદ ભી મમ્મી કા પપ્પુ ફેલ હો ગયે...

આગળ તેમણે કહ્યું:  મોદી બોલે કેમ છે, રાહુલ બોલે સેમ છે સેમ છે સીટ નહીં આતી ચુનાવોં મે,
મોદી બોલે યહી તો ગેમ છે, ગેમ છે!!

યુવા પેઢી પર કટાક્ષ કરતી કવિતા હતી બાકી સબ ખુલ્લંખુલ્લા પર મોબાઈલ લૉક લગાતી હૈ...

સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોટ, ડીજીજીઆઇના એડિશનલ ડિરેક્ટર શ્રી પંકજ ત્રિવેદી, ચેમ્બરના માજી પ્રમુખશ્રીઓ, ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના સભ્યો તેમજ ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ આભારવિધી કરી હતી, જ્યારે મહેમાનોનું સ્વાગત સનબો ડાઇઝ એન્ડ કેમિકલ એલએલપીના ડિરેક્ટર શ્રી કુંજ પનસારીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.